# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, દિવ્યાંગજનોમાં રહેલી શક્તિઓને મંચ આપવા માટે પેરા હાઈ-પરફોર્મન્સ સેન્ટર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.**
2. **C.I.I. આયોજીત વિકસિત ગુજરાત પાવર ઓફ પ્રોસ્પરસ ઇન્ડિયાની થીમ પર આધારિત કાર્યક્રમનું મુખ્યમંત્રીના હસ્તે આજે ઉદ્ઘાટન.**
3. **રાજકોટના ગોંડલ માર્કેટ યાર્ડમાં ઉનાળાની શરૂઆતમાં જ કેસર અને રત્નાગીરીની હાફૂસ કેરીનું આગમન થયું.**
4. **આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યભરમાં ગરમીનો પારો 40 ડિગ્રીથી વધુ રહે તેવી હવામાન વિભાગની આગાહી.**
5. **ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતના વિજયની રાજ્યભરના ક્રિકેટ રસિકોએ મોડી રાત સુધી ઉજવણી કરી.**

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PARA HIGH PERFORMANCE AMIT SHAH

દિવ્યાંગજનોમાં રહેલી શક્તિઓને મંચ આપવા માટે પેરા હાઈ -પરફોર્મન્સ સેન્ટર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેમ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ગાંધીનગરમાં પેરા હાઈ -પરફોર્મન્સ સેન્ટરના ભૂમિપૂજન પ્રસંગે કહ્યું હતું. .તેમણે ઉમેર્યું કે , ગુજરાત દેશમાં સૌથી વધુ સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતું રાજ્ય બન્યું છે, અને દરેક ક્ષેત્રે ભારતના દિવ્યાંગજનોનું પરફોર્મન્સ સમગ્ર વિશ્વમાં સૌથી વધુ રહ્યું હોવાનો પણ અમિત શાહે ઉલ્લેખ કર્યો હતો.

## (બાઇટ : અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ તેમજ ભારત સરકાર હેઠળના કોમન સર્વિસ સેન્ટર વચ્ચે સમજૂતી કરાર પણ કરવામાં આવ્યા હતા. શ્રી શાહે કહ્યું કે , અમદાવાદના સરદાર પટેલ સ્પોર્ટ્સ સંકુલમાં વર્ષ ૨૦૩૬ની ઓલિમ્પિક રમતો રમાડવી એ જ ભારતનો સંકલ્પ છે.

જ્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું કે , રાજ્યના પેરા એથલિટ્સ વર્લ્ડ ક્લાસ ઈન્ફરાસ્ટ્રક્ચર સાથે યોગ્ય તાલીમ મેળવીને વિશ્વ કક્ષાની રમતોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરે તેવી નેમ આ હાઈ-પરફોર્મન્સ સેન્ટર સાકાર કરશે.

## બાઇટ- ભૂપેન્દ્ર પટેલ , મુખ્યમંત્રી

---

# CM CII

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદ ખાતે ભારતીય ઉદ્યોગ મહાસંઘ દ્વારા (સીઆઇઆઇ) આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે . તેઓ વિકસિત ગુજરાત પાવર ઓફ પ્રોસ્પરસ ઇન્ડિયાના વિષય પર યોજાનારા કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે. રાજ્યમાં થઇ રહેલા ઔદ્યોગિક વિકાસની રૂપરેખા આ કાર્યક્રમમાં આપશે.

---

# MANGO GONDAL

રાજકોટના ગોંડલ માર્કેટ યાર્ડમાં ઉનાળાની શરૂઆતમાં જ કેસર અને રત્નાગીરીની હાફૂસ કેરીનું આગમન થયું છે. યાર્ડમાં પ્રથમ દિવસે જ કેસર કેરીના **22** બોક્સની આવક થઈ છે. યાર્ડમાં ગીર ગઢડા તાલુકાના ગીર કોઠારીયા અને સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામેથી કેસર કેરીનું આગમન થયું છે.

કેસર કેરી **10** કિલોના બોક્સના ભાવ **2500** થી **3100** રૂપિયા સુધીના બોલાયા હતા જ્યારે હરાજીમાં રત્નાગીરી કેરીના 12 કિલોના બોક્સનો ભાવ 5 હજાર 500 બોલાવ્યો હતો.

માર્કેટ યાર્ડમાં આ વર્ષે કેસર કેરીનું **15** દિવસ પહેલુ આગમન જોવા મળ્યું હતું. આ અંગે માર્કેટ યાર્ડના વેપારીએ વધુ વિગતો આપી.

## બાઈટ - વેપારી

---

# LOK ADALAT

રાજ્યમાં યોજાયેલી લોક અદાલતોમાં કુલ 4 લાખ 37 હજાર જેટલા પ્રિ-લિટીગેશન કેસોમાં સમાધાન કરાયું અને 75 કરોડ 39 લાખ રૂપિયાના ચુકાદા અપાયા હતા. રાજ્યની અદાલતોમાં પેન્ડિંગ દાંપત્ય જીવનને લગતી 2 હજાર 761 તકરારોનો પણ લોક અદાલતથી અંત આવ્યો હતો. આ ઉપરાંત કંસીલીએશનની વ્યવસ્થાના કારણે 10 વર્ષ જૂના 823 કેસોનો નિવેડો આવ્યો હતો.

બીજી તરફ , અમદાવાદ સિટી કોર્ટ ખાતે લોક અદાલત યોજાઇ. જેમાં મોટર અકસ્માત, દિવાની દાવાઓ, ચેક પરતને લગતી તકરારો , માત્ર દંડને શિક્ષાપાત્ર કેસો, દાંપત્ય જીવનને લગતી તકરારો તથા ઔદ્યોગિક તકરારોના 7 લાખ કેસોનો સુખદ્ નિરાકરણ આવ્યું અને આશરે રૂપિયા 2 હજાર 743 કરોડ વળતરના ચુકાદા અપાયા.

વલસાડ જિલ્લાના પારડીમાં યોજાયેલી લોક અદાલતમાં 500 કેસો પૈકી 300 કેસોનો સુખદ્ નિકાલ કરાયો હતો. આ કાર્યક્રમમાં બેંકને લગતા કેસોમાંથી 33 લાખ 90 હજાર રૂપિયાની રિકવરી કરવામાં સફળતા મળી હતી.

---

# DANG DARBAR

આદિવાસી સમાજની જીવનશૈલી , તેમનો પ્રકૃત્તિ પ્રેમ, કલા વારસાને રજૂ કરતાં ડાંગ દરબારનો આરંભ થયો છે. 'ડાંગ દરબાર 'ના આ ઐતિહાસિક લોકમેળાના ઉદ્ઘાટન સમારોહ દરમિયાન , ડાંગના માજી રાજવીઓ નું યથોચિત સન્માન કરાયું હતુ. આહવાના રંગ ઉપવન ખાતે આયોજિત 'ડાંગ દરબાર

ઐતિહાસિક કાર્યક્રમ વેળા માજી રાજવીઓ , નાયકો અને તેમના ભાઉબંધોને ૬૭ લાખથી વધુનું વાર્ષિક સાલિયાણું ચૂકવાયું હતું. હવે ડાંગ દરબારમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો આગામી ચાર દિવસ સુધી રજૂ થશે . તેવી માહિતી ડાંગના આકાશવાણીના પ્રતિનિધી મુનિરા શેખે માહિતી આપી હતી.

## (વોઇસ કાસ્ટ - મુનિરા શેખ)

---

# WEATHER

આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર કચ્છ અને ઉત્તર ગુજરાતની નજીકના વિસ્તાર તેમજ દક્ષિણ ગુજરાતનાં કેટલાક વિસ્તારમાં મહત્તમ તાપમાન 40થી 42 ડિગ્રી સેલ્સિયસ જેટલું રહેવાની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. જેના કારણે રાજ્યમાં હિટવેવની શક્યતા પણ રહેલી છે.

---

# CRICKET CT FINAL - IND VICTORY

ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલ મેચમાં ભારતે ન્યૂઝીલેન્ડને પરાજય આપીને ત્રીજી વાર ટ્રોફી જીતીને ઇતિહાસ સર્જ્યો છે. દુબઇ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ગઈ કાલે રમાયેલી મેચમાં લાખો ભારતીય દર્શકોની વચ્ચે ટીમ ઇન્ડિયાએ ચેમ્પિયનને છાજે તેવી રમત દર્શાવી હતી.

ટોસ જીતીને પહેલી બેટિંગ પસંદ કરનારા ન્યુઝિલેંડે પચાસ ઓવરમાં સાત વિકેટે 251 રન કર્યા હતા.. વિજય માટે 252 રનનો લક્ષ્યાક હાંસલ કરવા ભારતના

ઓપનરોએ આક્રમક શરૂઆત કરી હતી.. કેપ્ટન રોહિત શર્માએ આક્રમક 76 , શ્રેયસ ઐયરે 48 એલ રાહુલ 34 રનનું જીત માટે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું..

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ભારતીય ટીમને ચેમ્પિયન્સ ટ્રોફી જીતવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

આ વિજય બાદ અમદાવાદ સહિત રાજ્યભરમાં ગઇકાલે મોડી રાત સુધી ICC ક્રિકેટ ચેમ્પીયન ટ્રોફીમાં ભારતની જીતની ઉજવણી કરાઇ. પંચમહાલના ગોધરા સહિતના વિવિધ સ્થળોએ તિરંગો લહેરાવી ફટાકડા ફોડીને ઉજવણી કરાઇ હતી. મોરબીમાં અવની ચોકડી અને રવાપર રોડ સહિતની જગ્યા પર આતિશબાજી કરાઈ હતી. પાટણ શહેરના બગવાડા દરવાજા ચોકમાં લોકોએ આતશબાજી કરી ઢોલ નગારાના તાલે નાચ ગાન કરીને ભારતના ભવ્ય વિજયને વધાવી લીધો જામનગરના હવાઈ ચોક વિસ્તારમાં ક્રિકેટ પ્રેમીઓ દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી..જામનગરના ક્રિકેટ ચાહક જીગ્નેશ નંદાએ ભારતના વિજય અંગે ખુશી વ્યક્ત કરી હતી.

**બાઇટ- જીગ્નેશ નંદા, ક્રિકેટ રસિક જામનગર**

---

# HOLI SPECIAL TRAIN

રેલવે દ્વારા હોળીના તહેવારને ધ્યાનમાં રાખીને ગઈકાલથી 28 એપ્રિલ સુધી પાટણ અને રાજકોટ-લાલકુઆ વચ્ચે વિશેષ ટ્રેન દોડાવાઈ રહી છે. આ ટ્રેન દર રવિવારે બપોરે 1 વાગીને 10 મિનીટે લાલકુઆથી પ્રસ્થાન કરી સોમવારે બપોરે

પાટણ અને સાંજે રાજકોટ પહોંચશે. તેવી જ રીતે આ ટ્રેન દર સોમવારે રાત્રે સાડા દસ વાગ્યે રાજકોટથી પ્રસ્થાન કરી બુધવારે લાલકુઆ પહોંચશે.

---

# PANCHMAHAL RAOJGAR MELO

પંચમહાલના ગોધરા ખાતે આવતીકાલે દિવ્યાંગ ઉમેદવારો માટે ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો તથા સ્વરોજગાર માર્ગદર્શન શિબિર યોજાશે. આ ભરતી મેળામાં નિયત લાયકાત ધરાવતા ૧૮થી ૩૨ વર્ષની વયના દિવ્યાંગ ઉમેદવારો ભાગ લઇ શકશે. ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન, ગોધરા ખાતે યોજાનાર ભરતી મેળામાં વિવિધ કંપનીઓ દ્વારા ૧૦૦થી વધુ વેરહાઉસ એસોસીએટની જગ્યાઓ માટે ઉમેદવારોની પસંદગી કરાશે.

---